# પ્રકરણ : ૪

# સંદર્ભિત નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ

## ૪.૧ તુલનાત્મક અભ્યાસ:

ગુજરાતી અને ભારતીય ભાષાઓની નવલકથાઓમાં આદિવાસી સમાજની તુલના કરતાં વિવિધતામાં એકતાના દર્શન થાય છે. જેમ કે નાગાલેંન્ડમાં નગા આદિવાસી સમાજ; પૂર્ણિયા, પટણા, લવટૂલિયામાં દોષાદ અને ગાંગોતા સમાજ; છોટાનાગપુરમાં મુંડા આદિવાસી સમાજ; બારડોલી તાલુકાના ગામોમાં હળી આદિવાસી સમાજ; પંચમહાલના દેદાવાડામાં નાયકા આદિવાસી સમાજ; ડાંગ-આહવાના ડુંગરવેલ ગામમાં ગામીત, વસાવા સમાજ; દાહોદ જિલ્લામાં ભીલ આદિવાસી સમાજ; બનાસકાંઠામાં ડુંગરી અને ગરાસિયા ભીલો વગેરે જ્ઞાતિના આદિવાસી સમાજ જોવા મળે છે.

- આદિવાસી સમાજનું આંતરિક જીવનમાં ડોકીયું કરતાં સબળાં અને નબળાં પાસામાં કૃતિ સંદર્ભે અપશબ્દો બોલાતા જોવા મળે છે. વેર લેવાની વૃત્તિને લીધે ક્યારેક મારામારી-કાપાકાપી જેવી ઘટના પણ ઘટે છે.

- આદિવાસી સમાજ અન્ય સમાજ સાથેનો વ્યવહાર નિભાવી જાણે છે. ગમે ત્યારે જરૂર પડશે એમ માની સિઝન પ્રમાણે અનાજ, શાકભાજી, ઘી, દૂધ ભાવપૂર્વક આપી વ્યવહારને ઘરોબો બનાવે છે.
- આદિવાસી સમાજની ખેતી અને જમીન વિષયક ગતિવિધિમાં ખેતી એ આદિવાસી સમાજની આજીવિકાનું મુખ્ય સાધન છે. પરંતુ એ જ જમીનમાં પોતે માલિક હોવાં છતાં તે ગુલામ તરીકે કામ કરે છે. એ સિવાય ભૂંડી દશા કઈ હોઈ શકે? જે થોડી ઘણી ખાડા-ટેકરાવાળી જમીન છે તેમાં મકાઈ, ડાંગર, તુવર, અડદ જેવા ધાન્ય પાકો લેવામાં આવે છે.
- આદિવાસી સમાજની ગતિવિધિની વાત કરીએ તો સમાજમાં સુખ-દુ:ખના પ્રસંગો, બાળકનો જન્મ, લગ્ન પ્રસંગ, મરણ પ્રસંગ સાથે મળીને એમની વિધિ પ્રમાણે રીવાજ પ્રમાણે સર્વ પ્રસંગો નિભાવવામાં આવે છે.
- આદિવાસી સમાજનું આર્થિક પાસાં માટે નહિવત્ ઉપકરણો જોવા મળે છે. ખેતીમાં રોકડીયા પાકોથી થોડીઘણી ઉપજ મેળવે છે. રાતદિવસ મજૂરી કરવાની, મજૂરીમાં મળે એ ખાવાનું ને શેરબશેર દાણા વરસે દા’ડે ઉતરેલાં લુગડાં ક્યાંક ક્યાંક જંગલમાંથી મળતી વસ્તુઓ જેવી કે મધ, જંગલી ફળ, ખેર

વગેરેનાં ગુંદર વીણીને વેચી દેતાં આદિવાસીઓનું આર્થિક પાસું ખૂબ જ દયનિય છે.

- આદિવાસી સમાજના લોકગીતો, ઉત્સવો અને મેળાવડાની ઝાંખી કરતાં ગીતની અભિવ્યક્તિ દ્વારા પ્રેમ, સુખ, દુ:ખ, આનંદ મેળવી જીવનને રંગીન બનાવે છે. આદિવાસી સમાજમાં ઉત્સવો-મેળાવડાઓનું ખૂબ જ મહત્વ છે. મેળામાં જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદવી તથા સાથે ઢોલ જેવાં વાજિંત્રો વગાડીને નાચવા-કૂદવાનું તથા જીવનસાથીની પસંદગી પણ મેળામાં જ કરતા હોય છે. આમ, આદિવાસી સમાજ માટે મેળાઓનું આગવું સ્થાન છે.
- ભિન્ન આદિવાસી સમાજમાં ભિન્ન રીત-રિવાજો જોવા મળે છે. હાળી સમાજમાં પોતાની નાતમાં લગ્ન કરવાનો રિવાજ ભીલ સમાજમાં કાજળી ભરવાનો નિયમ, ડુંગરી-ગરાસિયા ભીલોમાં નવો પાક થાય એટલે એને ખાતાં પહેલાં ભગવાનને ધરાવવો પડે, ભીલ સમાજમાં દાપું (દહેજ) આપવું કે લેવું રિવાજ, ગાંતોતા-દોષાદ સમાજમાં પિયરમાંથી આવેલ નજીકનું સગું કે બહેનપણીઓ રડીને સત્કાર કરવાનો રિવાજ. આમ, આદિવાસી સમાજમાં અનોખા રિવાજ જોવા મળે છે.

- હાળી આદિવાસી સમાજનો પોશાક ખમીશ અને ધોતિયુંનો ઉલ્લેખ જોવા મળે છે. ઢીંચણ સુધી ફાળિયું, ગળા ફરતે ટીલડીવાળો રૂમાલ, પગમાં જોડા, નાનું દર્પણ, કાંસકો ગજવામાં રાખતા સ્ત્રીના પોશાકમાં કાનમાં ચાંદીની સાંકળ, લોળીયું, માથે ચાંલ્લો જોવા મળે છે. નાયકા આદિવાસી સમાજમાં બહેનોમાં રાતો ને પોણિયો ઘાઘરો, માથે લીલી-પીળી ભાતની ઓઢણી, પગમાં રૂપાની કલ્લીઓ, હાથમાં પીળી બંગડીઓના ખરકલા, ભાઈઓમાં કેડીયું, ધોતિયું, ફાળિયું, માથે બાંધવાનો રૂમાલ વીંટાળેલો, કાનમાં સોનાનાં ફૂલ, મણચીઓ કે છલકડીઓ ઝૂલતાં હતાં. વસાવા, ગામીત, ચૌધરી સમાજમાં બહેનોમાં કછોટા વાળીને તથા ચણિયા-બ્લાઉઝ પહેરતાં જોવા મળે છે. આદિવાસી ભીલ સમાજમાં ભાઈઓ માથે ફેંટો, બંડી અને ધોતિયું, બહેનોમાં ઘેરવાળો ઘાઘરો માથે ઓઢણી, ઘુમટો તાણી, અરવલ્લી આદિવાસી સમાજમાં પુરુષો માથે લાલ કે ધોળા રંગનું ફાળિયું ઢીંચણ સુધી ધોતિયું, ટૂંકી બાંયની ઝૂલરી, સ્ત્રીઓમાં સારણો (ચણિયો), ગળાથી કેડ સુધી વાદળી, પીળી, કાળી કે લાલ રંગની ઝૂલડી શોભે છે. આમ, આદિવાસી સમાજમાં ક્યારેક વસ્ત્રો મળે તો પહેરે છે. નહિ તો ઉઘાડા શરીરે પણ ફરતા જોવા મળે છે.

- હાળી આદિવાસી સમાજમાં વ્યસન અને કુટેવો પણ જોવા મળે છે. ચલમ ફૂંકવું, બીડી પીવી, સીગારેટ પીવાની ટેવ, તમાકુ ખાવાની કુટેવ બની રહે છે. હોકો પીવો, નાયકા આદિવાસી સમાજમાં ભાંગ, બીડી, બ્રિસ્ટોલ, ચલમ, હુક્કાપાણી પણ ફૂંકવામાં આવે છે. અરવલ્લી આદિવાસી સમાજમાં તમાકુ બીડી, ચલમ વગેરે ગાંગોતા સમાજમાં મહદ્દઅંશે પુરુષો અને સ્ત્રીઓ પણ વ્યસન કરતાં જણાય છે. બીડી, સીગારેટ, તમાકુ વગેરેનું સેવન કરતાં જોવા મળે છે.
- હાળી આદિવાસી સમાજનું રહેઠાણ ઝૂંપડું, છાપરું; નાયકા આદિવાસી સમાજ રહેવા માટે છાપરું બનાવતા તે કપાસ, તુવરના સાઠીકડાંથી ભીંતો બંધાતી અને સુંદર રીતે માટી છાણ વડે એની ઉપર લીંપણ થતું ઉપર છાયા માટે ખાખરાના પાન અને નળિયાથી પણ ઘરનો છાંયો કરવામાં આવતો. ઘરની આગળ બેસવા માટે પથરાઓ ગારમાં ગોઠવી સુંદર મજાની ઓટલી બનાવતા આદિવાસી ભીલ સમાજમાં ઘરની ઈંટોની દિવાલ છાપરા ઉપર માટીના નળિયાં ઘરમાં જવા-આવવા માટે દરવાજો જેમાં તડમાંથી અંદરથી બહાર અને બહારથી અંદર જોઈ શકાય છે. ઘર આગળ સુંદર મજાની નાની ઓટલી

અરવલ્લી આદિવાસી સમાજની રહેઠાણની વિશેષતા ઝૂંપડી, ધૂવો, ખોલરું, મકાન વગેરે.

- હાળી આદિવાસી સમાજ ખાણી-પીણીનો શોખીન છે. તે સંગ્રહખોરીમાં માનતો નથી. ખોરાકમાં તેઓ રોટલા અને શાક લે છે. અન્ય આદિવાસી સમાજ રોટલો, શાક, ગોળ, મરચું, છાશ, ઘી, માખણ, ચોખા-કઢી વગેરે. નાયકા આદિવાસી સમાજ રોટલો, ખાટી છાશ, પથરા પર કૂટેલું મરચું ક્યારેક કૂકડા-બકરાંનું મટન તથા મચ્છી પણ બનાવતા અને ખાવાનો ચટકો પૂરો કરતા ગામીત-વસાવા સમાજમાં કડાનો ભાત, દાળ, જુવારના રોટલા, રીંગણ-બટાકાનું શાક અને ક્યારેક લાપસી પણ બનતી તથા હોળી-ધૂળેટીના તહેવારમાં મરઘીનું શાક રંધાતું મહુડાનો દેશી દારૂ અને તાડી બધાં જ પીતાં હોય છે. ભીલ સમાજમાં રોટલો શાક મહુડાનો દારૂ અમુક પ્રસંગમાં મરઘાનું મટન રંધાતું અરવલ્લી આદિવાસી સમાજ ખોરાકમાં બાજરી, જુવાર, મકાઈ અને ઘઉંનો રોટલો, પૂવારની ભાજી અને અડદની દાળ, છાશ કે ઘેટાં-બકરાનું દૂધ તથા લાલ-મરચાંની ચટણી, મહુડાનું તેલ તથા દારૂ, કૂકડો અને બકરાનું માંસ પણ રંધાતું ભીલ સમાજમાં મરઘું, બકરું અને મહુડાનો દારૂ પણ પીવાના શોખીન છે. ગાંતોતા દોષાદ સમાજમાં જંગલમાંથી મળતું શાક, ફળફળાદી પર પોતાનો

દિવસ પસાર કરે છે. ભાત ખાવાનો મળતો નથી. ક્યારેક દૂધ, ઘી, દહીં, છાશ વગેરે પણ ખોરાકમાં લે છે. નગા આદિવાસી સમાજમાં કુશકીમાંથી પીઠાં, ચોખા ક્યારેક લોકોને એક ટંક પણ જમવાનું મળતું નથી. ભૂખ્યાં રહીને પાણી પીને તથા જંગલમાંથી મળતી વસ્તુઓ આરોગે છે. ક્યારેક દેશી દારૂ પણ પીવે છે.

- ગુજરાતના અને ભારતના કૃતિ સંદર્ભે આદિવાસી સમાજમાં અંધશ્રદ્ધામાં ગરકાવ થયેલો જોવા મળે છે. જેમકે દોરાધાગાં, મંતરતંતર, ભૂતભૂવા, ડાકણ, મૂઠ મારવી, વળગાડ, મેલીવિદ્યા, દવાખાનામાં વિશ્વાસ નથી, પરંતુ પૂજારામાં દોરાધાગામાં વિશ્વાસ ધરાવે છે. અડદના દાણા મંતરવા, જાતરી ભરવી, નાજેક ડોસા દાક્તરની દવા એકે ટીપુંય લેવા તૈયાર નથી. ભૂવા પાસે લાવ્યા કૂકડો કાપી કલેજું બહાર કાઢી કામિઓ દેવની પૂજા કરી તેને ધરાવ્યું છતાં જરાય ફાયદો ન થયો. અંતે નાજેક ડોસા મૃત્યુ પામે છે. આમ, અંધશ્રદ્ધા આદિવાસી સમાજમાં વ્યાપેલી જોવા મળે છે.
- ભાષા સંદર્ભે આદિવાસી સમાજની સંસ્કૃતિમાં તેમને દરેક આદિવાસી સમાજને પોતાની બોલી-ભાષામાં રૂઢિપ્રયોગો, કહેવતો અને પોતાની બોલીમાં સંવાદો રચાતા જોવા મળે છે.

- **આમ, આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે તુલના કરી શકાય.**

## ૪.૨ નિષ્કર્ષો અને તારણો:

પ્રસ્તુત પ્રકરણ અંતર્ગત મારા સંશોધન કાર્યના નિષ્કર્ષો અને તારણો નીચે મુજબ રજૂ કરવામાં આવ્યા છે:

૧) આદિવાસી સમાજમાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ હોવાથી તેમની સભ્યતા અને સંસ્કૃતિ બહાર આવી શકતી નથી. માટે આવા અભ્યાસો જરૂરી છે.

૨) આદિવાસી સમાજ - સંસ્કૃતિમાં સંશોધનો કરી અંધશ્રદ્ધાને તિલાંજલી આપી શકાય.

૩) આદિવાસી સમાજ અને તેની સંસ્કૃતિમાં પડેલાં મૂલ્યો વિકસાવી શકાય.

૪) આદિવાસી સમાજ અને સંસ્કૃતિને ખિલવવામાં આદિવાસી વિવેચકો કરતાં અન્ય સમાજના વિવેચકો વધારે પ્રમાણમાં જોવા મળે છે.

- **આદિવાસી સમાજની જે સંસ્કૃતિ છે તે મુજબ લુપ્ત થવાને આરે આવીને ઊભી છે. જેમકે બોલી, ભાષા, પહેરવેશ, વાજિંત્રો વગેરે વગેરે.**
- **આદિવાસી સમાજ થકી જ જળ, જંગલ, જમીનની જાળવણી શક્ય બની શકશે.**

- આદિવાસી સમાજની સભ્યતામાં આવકારવાની રીત એકબીજાને મદદરૂપ અને સહકારની ભાવના એટલે કે કોઈ પણ પ્રસંગમાં કે ઘર બાંધવું જેવા કામમાં એકબીજાને મદદરૂપ થવું જેવી ભાવના લુપ્ત થઈ રહી છે.
- આદિવાસી સમાજનું આંતરિક પાસું જેમકે ક્યારેક ગાળાગાળી કાપાકાપી જેવા દૂષણો પણ નાબૂદ કરી શકાય.
- આદિવાસી સમાજ અજ્ઞાનતા કે નિરક્ષરતાને કારણે ક્યારેક ક્યારેક અન્ય, સમાજ/દુકાનદારના હાથે ભાવ/માપ તોલ વગેરેમાં છેતરાતો જોવા મળે છે તે દૂર કરી શકાય.
- આદિવાસી સમાજમાં શિક્ષણ આવશે તો ગામમાં નિશાળ હૉસ્પિટલો, રસ્તાઓ જેવી સુવિધાઓ શક્ય બની શકશે તથા સરકારી યોજનાઓનો લાભ લઈ શકશે.
- આદિવાસી સમાજમાં રહેલ અંધશ્રદ્ધાને તિલાંજલી આપી શકાશે તથા વ્યસનો/કૂટેવોને પણ દૂર કરી શકાશે.
- ખેતી જમીનમાં સુધારાત્મક વલણ લાવી શકાશે.
- આદિવાસી સમાજની ભાષા-સંસ્કૃતિ જીવંત રાખી શકાશે, જેમકે રૂઢિપ્રયોગો, કહેવતો, બોલી ભાષાને જીવંત રાખી શકાશે.

•